For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### દરિયાની સપાટીના તાપમાનમાં વધારો થવાની સાથે પ્રોટેક્શન વોલ નહીં બનાવવાથી દરિયો આગળ વધી રહ્યો છે

# ગુજરાતમાં ૭૦૩.૫૬ કિ.મી. દરિયાકાંઠાનું ભયજનક રીતે ધોવાણ



**સૌથી** વધુ ધોવાણ કચ્છ જિલ્લામાં, ત્યારબાદ ભરૂચ, જામનગર અને વલસાડના ઉમરગામ સુધી ધોવાણ થયું

**ભરૂચ** સાથે દક્ષિણ ગુજરાતમાં અંદાજે ૮૩.૦૬ ટકા દરિયા કાંઠો ધોવાઈ રહ્યો છે

ભરૂચ: છેલ્લા ૪૦ વર્ષના અભ્યાસમાં બહાર આવ્યું છે કે ભરૂચ સહિત ગુજરાતનો દરિયાકિનારો ભયજનક રીતે અદ્રશ્ય થઈ રહ્યો છે. ખંભાતના અખાતથી કચ્છના અખાત સુધી, સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે, એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી લુપ્ત થઈ રહ્યાં છે. ભરૂચ સહીતના ૧૩ દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૧૦ દરિયાકાંઠા નોંધપાત્ર ધોવાણ સામે ઝઝૂમી રહ્યાં છે. જેના પગલે રાજ્યના દરિયાકાંઠાને લગભગ ૪૫.૮ ટકા અસર થઇ છે. આ પડકારજનક ઘટના રાજ્યના ૫૪૯ ગ્રામજનો માટે ચિંતા ઉપજાવે તેવી છે.

ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસના રિપોર્ટમાં જણાવ્યું છે કે ગુજરાતનો દરિયાકિનારો ૧૬૧૭ કિલોમીટરમાં ફેલાયેલો છે, જે ૧૩ દરિયાકાંઠાના જિલ્લાઓ અને ૩૫ તાલુકાઓને સ્પર્શે છે, જેમાં કચ્છ જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું છે, ત્યારબાદ ભરૂચ સહીત જામનગર અને વલસાડનો ક્રમ આવે છે. ૧૬૦૦ કિ.મી.ના દરિયાકિનારામાંથી ૭૦૩.૬ કિ.મી. નું ધોવાણ થઈ રહ્યું છે. "ભરૂચ સાથે

...અનુસંધાન પાના 5 પર

### સુરત ૧.૨૪ ગણા અને વલસાડ ૧.૧૭ ગણા ધોવાણ સાથે રાજ્યમાં બીજા ક્રમે છે

સંશોધનમાં ગુજરાતના દરિયાકાંઠે વધતા દરિયાઈ સપાટીના તાપમાન (SST)ને લીધે ધોવાણને વેગ આપવાના મુખ્ય પરિબળ તરીકે દર્શાવવામાં આવ્યું છે. ૧૮૬૦-૨૦૨૦ના ડેટાએ કચ્છના અખાત, ખંભાતના અખાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ધીમે ધીમે SSTવધારો દર્શાવ્યો હતો, જેમાં ખંભાતના અખાતમાં સૌથી વધુ ૧/૫ C નો વધારો જોવા મળ્યો હતો, ત્યારબાદ સૌરાષ્ટ્રનો કાંઠો (૧.0C) અને તે પછી કચ્છનો અખાત (૦.૭૫C).વધારો દર્શાવે છે. જામનગર જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જે ૧૯૭૮-૧૯૯૮ની સરખામણીમાં ૧૯૯૮-૨૦૨૦ દરમિયાન લગભગ ૨.૫ ગણું વધારે હતું તેવું અભ્યાસમાં જોવા મળ્યું હતું. સુરત ૧.૨૪ ગણા ધોવાણ અને વલસાડ ૧.૧૭ ગણા સાથે બીજા ક્રમે છે.



માંડણ ગામથી પાડા ગામનો પુલ તૂટી ગયો — વિનોદ મૈસુરીયા



માંડવીમાં પાણી ફરી વળતાં રસ્તાઓ બંધ — હિતેશ પટેલ

# ભારે વરસાદથી ઉમરપાડાનાં અનેક ગામ સંપર્કવિહોણાં



રાજપીપળા પંથકમાં વરસાદથી રસ્તા તૂટ્યા

**નર્મદા જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ**

| | |
|---|---|
| ગરુડેશ્વર- | 6 ઈંચ |
| રાજપીપળા- | 5 ઈંચ |
| તિલકવાડા- | 3 ઈંચ |

### નર્મદા જિલ્લામાં મેઘરાજાની તોફાની ઇનિંગ, ગરુડેશ્વરમાં 6 અને રાજપીપળામાં 5 ઇંચ

રાજપીપળા: રાજપીપળામાં આ સિઝનમાં સૌથી વધારે વરસાદ સોમવારે પડ્યો હતો. સોમવારે સવારે 5 વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં રાજપીપળા તાલુકામાં 5 ઈંચ, ગરુડેશ્વર તાલુકામાં 6 ઈંચ, જ્યારે તિલકવાડામાં 3 ઈંચ વરસાદ વરસતાં સર્વત્ર પાણી પાણી થઈ ...અનુસંધાન પાના 5 પર

**ગુજરાતના** ચેરાપુંજી ગણાતા ઉમરપાડામાં 14 ઈંચ વરસાદ સાથે સિઝનનો 40 ટકા વરસાદ વરસી ગયો

વાંકલ: ઉમરપાડા તાલુકામાં માત્ર ચાર કલાકમાં 14 ઈંચ વરસાદ પડતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. એ સાથે સિઝનનો કુલ ૧૦૦૮ મી.મી. એટલે કે ૪૦ ઈંચ વરસાદ થયો છે.

ઉમરપાડામાં સાંબેલાધાર વરસાદ વરસતાં સ્ટેશનરી અને કરિયાણાની દુકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. જેને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ભારે વરસાદની આગાહી વચ્ચે વહેલી સવારથી મેઘરાજાએ આક્રમક વરસાદી ઈનિંગ આરંભતાં તાલુકામાં ચાર કલાકમાં ૧૪ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારના ૬થી ૮ દરમિયાન ચાર ઈંચ તથા ૮થી ૧૦ વાગ્યા દરમિયાન ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસતાં ઉમરપાડા દસ જેટલા રસ્તા વાહન વ્યવહાર

...અનુસંધાન પાના 5 પર

### માંડવી તાલુકામાં રસ્તા બંધ થઈ ગયા

માંડવી: માંડવી તાલુકામાં દેવગઢથી લુહારવડ, કોલખડી અને અંધારવાડી લીમ્દા રસ્તા, ગોડધા લાડકૂવા, મોરીઠાથી કાલીબેલ રેગામા, ગોડસંબા, કરવલ્લી, ટીટોઇ, સાલૈયા, વલારગઢ સુધીના રસ્તાને બંધ કરવામાં આવ્યા હતા. જેના વિકલ્પ રીતે લોકો અન્ય રસ્તાનો ઉપયોગ કરી શકશે તેવી વિગતો આર.એન.બી. પંચાયત વિભાગ પાસેથી પ્રાપ્ત થઈ છે.

### વધુ વરસાદને પગલે લોકોને સાવચેત કરાયા

ઉમરપાડા તાલુકામાં વધુ વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. મોહન નદી અને વીરા નદી ઓવરફ્લો થતાં 11 જેટલાં ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે. સાથે પોલીસ અને હોમગાર્ડ જવાનોને તૈનાત કરાયાં છે. એ સાથે કોઈને પણ પાણીમાં નહીં જવા સૂચનાઓ આપી દેવામાં આવી છે. ઉમરપાડા તાલુકામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. માંડવીથી એન.ડી.આર.એફ.ની ટીમો રવાના કરાઈ છે. -વિજય રબારી, રેસિડન્ટ અધિક્ષક કલેક્ટર, સુરત.

### મોહન નદી પરના બ્રિજની પ્રોટેક્શન વોલ ધરાશાયી

ઉમરપાડાથી ચંદ્રાપાડાને જોડતા માર્ગ ઉપર મોહન નદી પર બનાવેલા બ્રિજની પ્રોટેક્શન વોલ ધરાશાયી થઈ હતી. આ પ્રોટેક્શન વોલ એક વર્ષ પહેલાં જ બનાવાઈ હતી. મોહન નદીનું પાણી સ્થાનિકોના ખેતરમાંથી જતાં પાકને પારાવાર નુકસાનીનો સામનો કરવો ...અનુસંધાન પાના 5 પર

# અપહરણ-ખંડણીમાં અમિત રાજપૂતે બિલ્ડરના સાક્ષીને પણ ધમકી આપી, વધુ એક અરજી



### બિલ્ડર, અમિત રાજપૂત સહિત તમામને નિવેદન માટે બોલાવ્યા

અમિત રાજપૂત સામે ગોડાદરામાં અરજી થયા બાદ આજે વકીલ અને બિલ્ડરે પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી. બાદમાં આજે એસીપીએ બિલ્ડરને તથા તમામ આરોપીઓને નિવેદન માટે બોલાવ્યા છે. પોલીસ દ્વારા તમામમા નિવેદન લીધા બાદ આ અંગે આગળની કાર્યવાહી કરાશે.

**અમિત** રાજપૂતે સાક્ષી અમીત શર્માને લિફ્ટમાં તમાચા માર્યા અને ધમકી આપી હતી

**અમિત** રાજપૂતે સાક્ષીને પ્રમોદ ગુપ્તાના કેસમાં સાક્ષી નહીં રહેવા માટે દબાણ કર્યું હતું

**રાજપૂતની** સામે બિલ્ડર દ્વારા આ કેસમાં હાઈકોર્ટમાં અરજી કરવા માટેની તજવીજ હાથ ધરાઈ

સુરત: ભાજપના કોર્પોરેટર અમિતસિંહ રાજપૂત દ્વારા બિલ્ડર પ્રમોદ ગુપ્તાને ઉંચકી જઈ તેની પાસેથી લખાણ કરી લેવામાં અરજી દાખલ થઈ છે ત્યાં હવે અમિતસિંહ રાજપૂત સામે ધમકી આપ્યાની બીજી અરજી પણ પોલીસમાં કરવામાં આવી છે.

બિલ્ડરના કેસમાં સાક્ષી વેપારીને અમિત રાજપૂતે વકીલની ઓફિસમાં હતો ત્યારે વોટ્સએપ કોલ કરી ધમકાવ્યો હતો. આ અંગે વેપારીએ અમિત રાજપૂત સામે ઉધના પોલીસમાં અરજી કરી છે.

અમીત અંજનીકુમાર શર્માએ અમિત રાજપૂત સામે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા અરજી આપી છે. અરજીમાં લખ્યું છે કે, બિલ્ડરના અપહરણ અને ખંડણીના કેસમાં અમિત શર્મા પોતે સાક્ષી હતો. અને અમિત શર્માને પણ લીફ્ટમાં તમાચા માર્યા હતા. બાદમાં અમિત શર્મા વકીલની ઓફિસમાં બેઠો હતો ત્યારે અમિત રાજપૂતે વોટ્સએપ કોલ કરીને ધમકી આપી હતી. 13 જુલાઈએ રાત્રે 12 વાગ્યાથી સવારે 6:40 વાગ્યા સુધી અવાર નવાર કોલ કર્યો હતો. અને વોટ્સએપ કોલ પર પ્રમોદ ગુપ્તાની મેટર પતાવટ કર, આજે તારો વારો અને પછી મારો વારો તેવી ધમકી આપી હતી. પ્રમોદ ગુપ્તાના કેસમાં સાક્ષી નહીં રહેવા માટે દબાણ કર્યું હતું. આ સમયે વકીલ દ્વારા રેકોર્ડીંગ કરી લેવાયું હતું. જે સંદર્ભે ઉધના પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત રાજપૂત સામે અગાઉ એક અરજી થઈ જ છે અને હવે નવી અરજી થતાં અમિત રાજપૂતની મુશ્કેલીઓ વધી છે. બે-બે અરજીની તપાસ ચાલી રહી છે ત્યારે આગામી સમયમાં અમિત રાજપૂત સામે પોલીસ ફરિયાદ નોંધાઈ તો નવાઈ નહીં હોય.




# નેત્રંગ પંથકમાં 7.45 ઇંચ વરસાદ, નદીઓમાં ઘોડાપૂર

**અમરાવતી,** ટોકરી, મધુવંતી, કરજણ અને કીમ નદીમાં ઘોડાપૂરને કારણે અનેક ગામોનો સંપર્ક તૂટ્યો

નેત્રંગ: નેત્રંગમાં સોમવારે સવારના આઠથી દસ વાગ્યાના સમયગાળા જ અને સાંજ સુધીમાં પોણા આઠ ઈંચ પાણી પડતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. તાલુકાની સીમમાંથી પસાર થતી અમરાવતી, ટોકરી, મધુવંતી, કરજણ અને કીમ નદીમાં ઘોડાપૂર આવતાં નદી કાંઠાનાં કેટલાંક ગામો સંપર્કવિહોણાં બન્યાં હતાં.

### મોરિયાણા ગામે યુવાન જીવ બચાવવા તાડ ઉપર ચઢી ગયો



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગના મોરિયાણા ગામમાં નવી વસાહત વિસ્તારમાં રહેતો જયેશ કનુ વસાવા સવારે અમરાવતી નદીના કિનારે આવેલા ખેતરમા કામ માટે ગયો હતો. એકાએક નદીમાં ઘોડાપૂર આવતાં પોતાનો જીવ બચાવવા તાડના વૃક્ષ ઉપર ચઢી ગયો હતો. આ બનાવની જાણ ગ્રામજનો તથા તલાટી,

...અનુસંધાન પાના 5 પર

### દારૂની બોટલો વહેતી આવી, લોકો પાણીમાં કૂદ્યા

નેત્રંગ: નેત્રંગ નગરના નવી વસાહત વિસ્તારમાં પાણી ભરાતાં લોકોમાં ભય ફેલાઇ ગયો હતો. આ વિસ્તારમાંથી બેફામ વહેતા પાણીના પ્રવાહમાંથી ઈંગ્લિશ દારૂના ક્વોટરિયા તણાઇ આવતાં લોકો જીવના જોખમે પાણીના પ્રવાહમાં ઊતરી પકડી રહ્યા હતા.

**દુ:ખદ અવસાન-બેસણું**



અતિ દિલગીરી સહ જણાવવાનું કે,અમારા પૂજ્ય પિતાશ્રી **નટવરભાઈ રઘુનાથજી પટેલ**નું તા. ૧૩/૦૭/૨૦૨૪ ને શનિવારના રોજ **દુ:ખદ અવસાન** થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદ્‌ગતનું બેસણું તા. ૧૭/૦૭/૨૦૨૪ ને બુધવારે સવારે ૧૦ થી ૧૨ કલાકે ડો.આંબેડકર ભવન, ચોકસી વાડીની બાજુમાં, રૂષભ ટાવર પાસે, અડાજણ, સુરત ખાતે રાખેલ છે.**

સ્વ. નટવરલાલ રઘુનાથજી પટેલ
સ્વ. તા. ૧૩/૦૭/૨૦૨૪

લિ.
પરેશ નટવરભાઈ પટેલ — મિનાક્ષી સંજય રામાણી
ભારતી પંકજ પટેલ — વૈશાલી પ્રવિણ પટેલ
(M.) : +91 99250 55575 / 94263 60810

**IN LOVING MEMORY**
**30th Death Anniversary**



Mahendra Narendralal Jagasheth
(1938 - 1994)

We miss you.

Jagasheth family

**દસમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ.મહેશચંદ્ર અમૃતલાલ ધમણવાલા
સ્વ.તા.૧૬/૦૭/૨૦૧૪

તમારો લાગણીભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હમેશા યાદ રહેશે તમારી સદભાવના ભરી મીઠી સ્મૃતિઓ કદી નહિ ભૂલાય પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના

લિ.
ગં.સ્વ.ભારતી મહેશચંદ્ર ધમણવાલા
મયુર મહેશચંદ્ર ધમણવાલા
નેહલ મયુર ધમણવાલા
મિહિર મયુર ધમણવાલા
હેનલ નિલેશ વખારીયા
તથા ધમણવાલા પરિવાર

**છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. ધનગૌરી ચંદ્રકાન્ત ભગતજી**

માતા, અમો આપને નથી ભૂલ્યા અને કદીપણ ભૂલી પણ ના શકીએ. યાદ તાજા ફુલોની જેમ મહેકતી રહેશે. આપ કાયારૂપે નહી, પણ કાર્યરૂપે સદા જીવંત રહેશો. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લિ.
ગીરીશચંદ્ર ચંદ્રકાન્ત ભગતજી (પુત્ર)
ધવલ ગીરીશચંદ્ર ભગતજી (પૌત્ર)
અમિત ગીરીશચંદ્ર ભગતજી (પૌત્ર)
તથા સમસ્ત પરિવાર

સ્વ.તા. ૧૬-૦૭-૨૦૧૮

રહેઠાણ : ૨/૨૮૧, મોટો મહોલ્લો, રૂસ્તમપુરા, સુરત.

**અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અનાવીલ અવસાન**



સ્વ. શારદાબેન ઠાકોરભાઈ વશી
સ્વ.તા.૧૪/૦૭/૨૦૨૪

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી શારદાબેન ઠાકોરભાઈ વશીનું તા. ૧૪/૦૭/૨૦૨૪ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા તેમનાં પવિત્ર આત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદ્‌ગતની સ્મશાનયાત્રા તા. ૧૭/૦૭/૨૦૨૪ને બુધવારે બપોરે ૪.૩૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળશે. તેમનું સંયુક્ત બેસણું તા.૧૮/૦૭/૨૦૨૪ને ગુરુવારે બપોરે-૩.૦ થી ૫.૦ કલાકે રાખવામાં આવ્યું છે.
સ્થળ: અનાવીલ વાડી, ગૌહરબાગ, બીલીમોરા. (તાક.-લૌકિક રિવાજ બંધ છે)

લિ.
સ્વ. ઠાકોરભાઈ ભીમભાઈ વશી.
નૈષદ ઠાકોરભાઈ વશી - (પુત્ર) — પલ્લવી નૈષદ વશી (પુત્રવધૂ)
કુનાલ નૈષદ વશી (પૌત્ર) — સીમા કુનાલ વશી (પૌત્રવધૂ)
કવિતા રોશન શાહ (પૌત્રી) — રોશન શાહ (જમાઈ)
ચિ. આશીયાના, ઈશાન, માહિકા, સહાના

પિયર પક્ષ:-
સ્વ. છીમાભાઈ નારણજીભાઈ વશી
મુ.પો. ધમડાછા, તા.ગણદેવી, જિ. નવસારી

નિવાસસ્થાન: - ૪૧, જાલ નગર સોસાયટી ગૌહરબાગ-બીલીમોરા, તા.ગણદેવી, જિ. નવસારી

**અમદાવાદી ઘાંચી અવસાન**



સ્વ. ચિરાગ હસમુખભાઇ મીઠાઈવાળા
સ્વ. તા. 15-07-2024

જય શ્રી કૃષ્ણ,
દિલગીરી સાથે જણાવવાનું કે સ્વ. ચિરાગ હસમુખભાઇ મીઠાઈવાળા તારીખ 15-07-2024 ને સોમવારના રોજ સવારે 05:00વાગ્યે અક્ષર નિવાસી થયા છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું તા.16-07-2024ને મંગળવારના રોજ સાંજે 4.00 કલાકે રાખેલ છે.
સ્થળ : એસવીપી ગેસ્ટ હાઉસ, મહીદા ભવનની બાજુમા, SVNIT કોલેજ સામે, ઇચ્છનાથ, ડુમસ રોડ, સુરત.

:: સંપર્ક ::
ભૂમિબેન મીઠાઈવાળા : 9978760643 | ચિન્મય મીઠાઈવાળા : 98227978100
બાબુભાઇ મીઠાઈવાળા સમસ્ત પરિવાર

નિવાસસ્થાન : A -1001, કેપીએમ રેસીડેન્સી, ચંદન પાર્કની સામે, સીટી લાઇટ, સુરત.